# શિક્ષણ જ નહીં વિદ્યા પણ

— શ્રીરામ શર્મા આચાર્ય

# શિક્ષણ જ નહીં, વિદ્યા પણ

લેખક :

**પં. શ્રીરામ શર્મા આચાર્ય**

પ્રકાશક :

**યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ**

**ગાયત્રી તપોભૂમિ, મથુરા.**

ફોન : (૦૫૬૫) ૨૫૩૦૧૨૮, ૨૫૩૦૩૯૯

મો૦ ૦૯૯૨૭૦૮૬૨૮૭, ૦૯૯૨૭૦૮૬૨૮૯

ફેક્સ : (૦૫૬૫) ૨૫૩૦૨૦૦

**પ્રાપ્તિસ્થાન :**

પાટીદાર સોસાયટી, જૂનાવાડજ

અમદાવાદ-૩૮૦૦૧૩

ફોન નં : (079) 27557252

૨૦૧૦ કિંમત : રૂ.૪.૦૦

# અનુક્રમણિકા


| અ.નં. | પ્રકરણ | પા.નં. |
|---|---|---|
| ૧. | પરિવર્તનનો પોકાર અને બૂમ | ૩ |
| ૨. | સર્જનવિદ્યાના અધ્યાપકો જોઈએ | ૫ |
| ૩. | યુગ ચેતનાનો પ્રચાર અને પ્રસાર | ૮ |
| ૪. | નવસર્જનની વિશિષ્ટ અધ્યાત્મ-સાધના | ૧૧ |
| ૫. | વાણી મારફત યુગ ચેતનાનો પ્રચાર-પ્રસાર | ૧૪ |
| ૬. | લોક-મનોરંજનની સાથે જોડાયેલું લોક-કલ્યાણ | ૧૬ |
| ૭. | તીર્થયાત્રાનો આદર્શ | ૧૯ |
| ૮. | આગામી દસ વર્ષ-ઘણા મહત્ત્વપૂર્ણ | ૨૨ |

# ૧.પરિવર્તનનો પોકાર અને બૂમ

એક ભાષા બોલનાર ક્ષેત્રના નિવાસી જો બીજી ભાષા બોલતા વિસ્તારમાં વસવા જાય તો સૌ પ્રથમ તેને નવા ક્ષેત્રની ભાષાનો અભ્યાસ કરવો પડશે. ત્યાંની રહેણી કરણી, રીત-રિવાજ, વિચાર, સંસ્કૃતિ વગેરેથી પરિચિત થવાની જરૂર પડશે. જો તે શીખવાની આળસ રાખવામાં આવે તો ડગલે ને પગલે બહેરા-મુંગા અને અપરિચિતોની માફક હેરાન થવું પડશે. ઈસાઈ પાદરીઓ હમેશા યુરોપીય દેશોમાંથી આવેલા છે. પોતાના ઉદ્દેશને પૂરો કરવા માટે તેઓ એશિયા-આફ્રીકા વગેરે મહાદ્વીપોમાં જઈને વસે છે અને મુખ્ય રૂપે તે પછાત વિસ્તારોને પોતાના કાર્યક્ષેત્ર તરીકે પસંદ કરે છે. તેના પહેલાં તેમને ત્યાંની ભાષા સંસ્કૃતિ, સમસ્યા વગેરેથી પરિચિત થવું પડે છે. સાથોસાથ એ પણ જાણવાનું હોય કે તેમની સાથે કેવી રીતે ભળી જઈ શકાય. જો તે પ્રક્રિયાને ન અપનાવવામાં અને કોઈ પણ પાદરીને ત્યાં મોકલી દેવામાં આવે તો તે એ અપરિચિત સ્થિતિમાં કોઈ સફળતા મેળવી શકે નહીં.

એકવીસમી સદી એક રીતે એવી પરિસ્થિતિઓનો સમય છે, જેમાં પ્રવેશ કરનારે જૂની આદતો ભૂલાવવી પડે અને નવેસરથી નવી જાણકારી મેળવી વ્યવહારમાં ઉતારવી પડશે. તેના વગર ગાડી એક ડગલું પણ આગળ નહીં ચાલી શકે.

યુગ પરિવર્તનમાં મનુષ્યોની આકૃતિ તો અત્યાર જેવી જ રહેશે પણ પ્રકૃતિ (સ્વભાવ) બદલાઈ જશે. પ્રકૃતિ(સ્વભાવ) નો અર્થ છે- માન્યતા, ભાવના,વિચારણા, ઈચ્છા અને ગતિવિધિઓનો સમુચ્ચય છે. આમ તો પ્રકૃતિ શબ્દ સંસારને ગતિશીલ રાખનાર પ્રવાહને પણ કહે છે, પરંતુ અહીં તાત્પર્ય ફક્ત ગુણ, કર્મ, સ્વભાવથી છે, પરિવર્તન આમાં જ થવાનું છે. ઉજ્જવળ ભવિષ્યની સંભાવનાવાળી ભવિતવ્યતા સમગ્રપણે આ કેન્દ્ર બિંદુ ઉપર નિર્ભર છે. એટલા માટે ભાવી પરિવર્તનની ચર્ચા કરવાવાળા હમેશા એ જ કહે છે કે હવે પછીના સમયમાં બધા લોકોનો તો નહીં પણ વિચારવાનોનો સ્વભાવ લગભગ બદલાઈ જ જશે સંપૂર્ણ પરીવર્તન થયેલો જોવા મળશે.

અત્યારના દિવસોમાં દેખાતી અસંખ્ય વિપત્તિઓનું સૌથી મોટું નિમિત્ત કારણ એક જ છે કે મનુષ્ય દૂરદર્શી બની શક્યો નથી. તેને તાત્કાલિક ઉપભોગો જ સર્વસ્વ જણાય ' છે. જે કંઈ વિચારવામાં કે કરવામાં આવે તેને પોતાના પૂરતું જ મર્યાદિત

રાખવામાંહોય તેને જ કંઇ મદદ કરવામાં આવે છે. આ સિવાય જે કોઇ પણ પ્રાણી કે પદાર્થ જગત ઉપર બાકી રહે છે તેનું શોષણ કરવામાં આવે છે.તેમ ન થઇ કે તો અવગણના કરીને છોડી દેવામાં આવે. બીજાઓ તરફ પણ આપણું કોઇ કર્તવ્ય, કે જવાબદારી છે તે પ્રત્યે કોઇની અભિરુચિ જણાતી નથી. યોજનાઓ બનાવવામાં અને પ્રયત્ન કરવામા ફક્ત સ્વાર્થપરાયણતા જોવા મળે છે. પરમાર્થ તો ફક્ત મનોરંજન જેવી ચર્ચાનો વિષય બનીને રહી જાય છે. વધારે થયું તો પ્રસિદ્ધિ ખાતર ઉદારતાનો ઢંઢેરો પીટાવીને પોતાના મેલને ધોયાનો ઢોંગ રચાવે છે.

આજની માન્યતા આ છે. આના આધાર ઉપર સમજવા-વિચારવામાં આવે છે અને જં કંઇ કરવાનું હોય છે તેની યોજના બનાવવામાં આવે છે. પરિણામે તે થાય છે જેને માનવીય પ્રતિષ્ઠાની વિરુદ્ધ કહી શકાય. આત્મ કેન્દ્રિત સ્વાર્થપરાયણ વ્યક્તિ ક્રમશઃ એટલો નિષ્ઠુર અને કઠોર બની જાય છે કે પોતાની પ્રાપ્તિઓમાંથી ચપટી જેટલુંય સત્ પ્રયોજન માટે લગાવવાનું મન થતું નથી. નિષ્ઠુરતા એટલી બધી વધી જાય છે કે બીજાની પીડા તેમજ પતનના દ્વારે ઉભેલાને મદદ કરવા માટે સહેજ પણ ઉત્સાહ પ્રગટ થતો નથી. લોક મર્યાદાની લાચારીને લીધે ~~ક્યારેક ક્યારેક~~ કંઇક એવું કરવું પડે તો તેના બદલામાં પણ સસ્તી પ્રશંસાની અપેક્ષા કરતાં પણ વધારે મેળવવાની ઇચ્છા હોય છે. જેનાથી બદલો મળવાની આશા હોય છે તેની સાથે સદ્વ્યવહારનો અને સહકારનો હાથ લંબાવે છે. એ જં છે તે મૌલિક દુષ્પ્રવૃત્તિ, જેણે અસંખ્ય છળકપટ, અપરાધ અને અનર્થોને જન્મ આપ્યો છે. તે એટલા બધા વધ્યા છે કે હવે દરેક જણને પોતાની છાયાનો પણ ડર લાગવા લાગ્યો છે. લોકહિતની જાહેરાત કરનારાઓ તરફ સહજ રીતે શંકા જાય છે કે ક્યાંય કોઇ સર્વનાશની અનર્થની તૈયારી તો નથી કરી રહ્યો.

સેવા-મદદની આશા બુદ્ધિશાળીઓ પાસેથી રાખવી જોઇએ, પરંતુ તેમની તરફ પણ વધારે અવિશ્વાસ પોતાનો પરિચય આપે છે.પ્રદુષણ બનાવી હવામાં ઝેર છોડતા ઉદ્યોગપતિઓ અછત ગ્રસ્તો માટે પુષ્કળ પ્રમાણમાં સુવિધા-સાધન ઊભા કરીને આશીર્વાદ રૂપ બને છે, પણ તે સંભાવના પડદાની ઓથમાં છુપાવી દેવામાં આવે છે, જેને કારણે ઝેરી શ્વાસ લેવાને કારણે અસંખ્ય માણસોને દુર્બળતા અને વિપત્તના શિકાર બની ઘુંટાઇ-ઘુંટાઇને મરવું પડે છે. આ તે લોકો છે જે પીવાના પાણીમાં ઝેરી રસાયણ મીલાવે છે અને પીવાવાળાઓને માટે અકાળ મૃત્યુના સંકટ ઉત્પન્ન કરે છે. મોટા ઉદ્યોગોને કારણે કેટલાય નાના મજૂરોને બેકાર-બેરોજગાર રહેવું પડે છે તેમની વિરૂદ્ધમાં કોઇ મોઢું પણ ખોલી નથી શકતું.

ગુંડાગર્દી એટલા માટે દિવસે ન વધે તેટલી રાત્રે વધી રહી છે કે તેનો સંગઠિત મુકાબલો કરવાની સાહસિક્તા લગભગ પૂરી થઈ ગઇ છે. માર્ગદર્શનની અને ધર્મોઉપદેશની જવાબદારી જે લોકો ઉપર છે, તેઓ ફક્ત પરાવલંબનનું અને ભાગ્યવાદનું સમર્થન કરે છે. શૌર્ય અને સાહસ જગાવવામાં તેમનો દૂરનો પણ સંબધ હોતો નથી. પરાવલંબનના પક્ષકારો ઉલ્ટા કર્મકાંડ માત્ર શીખવવાની તેમની રીતિ ચાલુ રાખે છે. જ્યારે આટલા માત્રથી તેમને પુષ્કળ પ્રમાણમાં સમ્માન સહિતના સાધન અને સગવડ મળી જાય છે તો તે વિવેકશીલતાને કેમ જગાડે જે કાબેલ હોવા છતાં પણ ઉલ્ટાનું તેમના વિરોધમાં વિદ્રોહ ઊભો કરી શકે છે. કલાએ કામુક્તાના વસ્ત્રો ઓઢીને પોતાને વધારે લોકપ્રિય બનાવવાનો માર્ગ પસંદ કર્યો છે. સંપત્તિ એવા ઉત્પાદનમાં લાગી છે જેમાં સર્વસાધારણને આકર્ષણ આશ્ચર્યચકિત કરે છે, પણ છેલ્લે અહિત સિવાય બીજું કશું હાથમાં નથી આવતું.

જ્યારે બુદ્ધિજનોનો દષ્ટિકોણ આવો છે, તો સર્વસાધારણને તેનું અનુકરણ કરીને કેટલા ઊંડા ખાડામાં પડવું પડશે તેનું અનુમાન સહજ કાઢી શકાય છે.

સંક્ષેપમાં આ છે આજની પ્રક્રિયાની ઉપજ. નશાખોરીથી લઇને અતિ પ્રજનનનો દુર્વ્યવહાર આમાં સમાઇ જાય છે. પડદા પ્રથા, જાતિગત ઉંચ-નીચતા, મૃતક ભોજ, દુર્વ્યસન તેમજ અપરાધ આ સંકુચિત સ્વાર્થપરાયણતાના સડેલા કાદવમાં ખદબદે છે, જેને કારણે હરકોઇને દુ:ખી થઇ સમગ્ર પરિવર્તનનું આહ્વાન કરવું જરૂરી છે. વાત સાચી પણ છે. ઝેરી વૃક્ષના મૂળ કપાય તો જ તે ફળોનું ઉત્પાદન રોકાય, જે દુ:ખો અને વેદનાઓની હારમાળા ઊભી કરવાના કામમાં આવે છે.

આજે દસેય દિશાઓમાં એક જ સ્વરે કોઇ મોટા પરિવર્તનનો પોકાર અને ધુમ મચી રહી છે. વિધાતાએ આશ્વાસન આપ્યું છે કે આવનાર સદીની અંદર મહાવિનાશનો વિસ્તાર અટકી જશે અને ઉજ્જવળ ભવિષ્યનું વાતાવરણ સર્જાશે. આ પરિવર્તન માટે થોડીક આવી જ તૈયારી કરવી પડશે, જેમ એક ભાષાના જાણકારે બીજી કોઇ અન્ય ભાષાના વિસ્તારમાં કામ કરવા મોકલવામાં આવે.સામાન્ય પ્રશિક્ષણ માટે જ્યારે નિષ્ણાત્ત શિક્ષકોની જરૂરિયાત જણાય છે ત્યારે યુગ પરિવર્તન માટે તો એવા મહાન શિલ્પિઓ જોઇશે જેઓ નવાયુગ અને નવા વાતાવરણનું સર્જન કરી શકે

## ૨. સર્જન વિદ્યાના અધ્યાપકો જોઇએ

નવ સર્જન યોજના મહાકાળની યોજના છે. તે પૂરી તો થવાની જ છે. તે

પરિવર્તનનો આધાર બનશે ચરિત્રનિષ્ઠ ભાવ સંવેદનાપૂર્ણ વ્યક્તિઓથી. આવા વ્યક્તિ બનાવવાનું કામ વિદ્યાનું છે ફક્ત શિક્ષણ તેના માટે પૂરતું નથી. ફક્ત શિક્ષણ-સાક્ષરતા તો માણસને માત્ર સ્વાર્થી જ બનાવી શકે છે. તેમાં વિદ્યાનો સમાવેશ અનિવાર્ય છે. ખરેખર નવયુગને અનુરૂપ માનસિક સ્થિતિ તેમજ પરિસ્થિતિ ઉત્પન્ન કરવા માટે મોટી સંખ્યામાં આવા અધ્યાપકોની જરૂરિયાત અનુભવાઇ રહી છે. જેમનું શિક્ષણ ભલે સામાન્ય હોય, પણ તે પોતાના ચુંબકીય વ્યક્તિત્વ અને ચરિત્રથી આસપાસના ક્ષેત્રને પોતાની વિશેષતાઓથી અસર કરવા માટે વિદ્યાના પારંગત હોય છે.

નાવિક માટે એ જરૂરી નથી કે તેમની પાસે સ્નાતકની પરીક્ષા પાસ કર્યાનું પ્રમાણપત્ર હોય જ. મજબૂત કાંડા અને વિશાળ છાતીવાળા હિંમતના સહારે ઉછળતી નદીના પ્રવાહમાં સડસડાટ દોડતા રહે છે. પોતાને, પોતાની નજદીક વાળાઓને, નાવમાં બેઠેલા મુસાફરોને આ પારથી પેલે પાર પહોંચાડવામાં તેઓને વાર નથી લાગતી, પરંતુ હિમ્મત અને સફળતાઓને જોતાં ગર્વ-ગૌરવ અનુભવે છે.

વિદ્વાનો, મુનીઓ અને બુદ્ધિશાળીઓ બધે જ સમ્માન મેળવે છે. તેમની પ્રતિષ્ઠા અને ઉપયોગીતાનો કોઇ ઇન્કાર કરતું નથી, પરંતુ એ કહેવાઇ રહ્યું છે કે ઇમાન અને ભગવાનને ભૂલાવી દેવાવાળા આજના જનસુમદાયને એવો ઉદ્ધારક જોઇએ જે ઉંડા કિચડમાં ફસાયેલા પ્રાણીઓને ખેંચી અને ઘસેડીને કિનારા સુધી પહોંચાડી દેવાની સાહસિકતાનો અનુભવ કરાવે.

હવે પછીના દિવસોમાં નવયુગનું આગમન આંધી-તુફાનની માફક દોડતું આવી રહ્યું છે. તેમાં રીત-રિવાજોનું પરિવર્તન પણ હશે, પણ સૌથી મુખ્ય તેમજ મૌલિક પરિવર્તન એક જ હશે કે મનુષ્યને અટૂલો રહેવા દેવામાં આવશે નહીં. જંગલી જાનવરોમાં પણ ક્યારેક-ક્યારેક જૂથને છોડીને કોઇ ઉદ્દંડ એકલું રહેવા લાગે છે. તે સામૂહિકતાની રીત-ભાત ભૂલી જાય છે અને વિદ્રોહી બની જાય છે. કોઇની ઉપર પણ આંખો મીંચીને હુમલો કરે છે. તેને 'અટૂલો' કહે છે.

અટૂલો મનુષ્ય, જેની ઉપર સંકુચિત સ્વાર્થ પરાયણતાની ભૂત હમેશા સવાર થયેલું હોય છે, તેને દરેકને માટે ખતરનાક જ સમજવું જોઇએ. સમગ્ર અપરાધો અને અત્યાચારોની જનેતા સ્વાર્થીપણું જ છે. આજની અસંખ્ય વિટંબણાઓ મહામારીઓનું જો કારણ શોધવું હોય તો તેને એક જ સ્વરૂપે પામી શકાય છે- તૃષ્ણા અને અહંતા. જો આમાં કાપ મૂકી શકાય તો સમજવું જોઇએ કે માથા ઉપર લદાયેલ પથ્થર જેવો ભારે બોજ હલકો થયો અને માનવીય પ્રતિષ્ઠા મુજબ પ્રગતિ કરવાનો રસ્તો મોકળો થયો.

મનુષ્યની રચના એ પ્રકારે થઇ છે કે તે બે મુઠ્ઠી અનાજ અને બે વાર કપડાના સહારે ખુશીથી ગુજરાન કરી શકે છે. તેને મેળવવા માટે તેના બે કલાકનો પરિશ્રમ પૂરતો હોવો જોઇએ. આ સગવડ જગતના બીજા કોઇ પ્રાણીને મળી નથી. તેને આખો દિવસ પેટ ભરવા માટે દોડા-દોડ કરવી પડે છે. રક્ષણની દૃષ્ટિએ પણ તેને ભયભીત રહેવું પડે છે, પણ માણસ સામે આવી કોઇ સમસ્યા નથી. અંગત નિર્વાહ સિવાય જે કંઇ તેની પાસે બચે છે તે જરૂરિયાત પૂરી કર્યા કરતાં સેંકડો - હજારો ગણું વધારે હોય છે. આ બચતને પુણ્ય-પરમાર્થ માટે લગાવીને જ જગતના વિવેકશીલોએ દેવ માનવનું સ્તર મેળવ્યું છે, પોતાનુ ભલું કર્યું છે અને અસંખ્ય લોકોને પોતાના ખભે બેસાડી પાર ઉતારવાનો શ્રેય મેળવ્યો છે. જો આટલી મોટી વાત કોઇની ભાવચેતનામાં પ્રવેશી શકે, વ્યવહારમાં ઉતરી શકે તો સમજવું જોઇએ કે તેને દેવમાનવ બનાવાનું સૌભાગ્ય મળી ગયું. તેને અનિચ્છનીયતાના વાતાવરણને બદલવાનું યોગ્ય બળ પ્રાપ્ત થઇ ગયું. નહીંતર સડામાંથી ઉત્પન્ન થવાવાળા ઝેરી કીટકો દ્વારા બધે જ ગંદકી ફેલાવાનો ભય સામે ઊભો જ રહેશે.

નવયુગમાં શિક્ષણ અને સાક્ષરતા તો વધતાં જ જશે. વ્યક્તિ, સમાજ અને સરકારે તેને સ્વીકૃતિ આપી દીધી છે. પછી તે કેમ નહીં વધે ? થોડાક જ દિવસોમાં નિરક્ષરતાથી થયેલું કાળું મોંઢું ધોઇને સાફકરી દઇશું. સવાલ વિદ્યાનો છે. તેનું ના તો ક્યાંય મહત્ત્વ સમજાય છે અને ના કોઇ જરૂરિયાત. માનવીય પ્રતિષ્ઠાને મેળવવાનું કોઇનું મન છે જ નહીં. શ્રેષ્ઠ આદર્શવાદ અને દૂરદર્શી વિવેકશીલતાને વધારવા અને અપનાવવા માટે ક્યાંય એવા પ્રયત્નો ચાલતા નથી જેને આશાભરી નજરે જોઇને સંતોષ માની શકાય.

આ જરૂરીયાતની પૂર્તિ યુગ નિર્માતાઓએ કરવી પડશે. આશા રાખવામાં આવી છે કે શાંતિકુંજ પરિવારથી તેઓ નિકળશે અને પોતાના મહાન વ્યક્તિત્વ અને કર્તવ્યથી સમગ્ર વાતાવરણમાં નવજીવનનો સંચાર કરશે. આવા શ્રેયાધિકારીઓએ વિકાસની દિશામાં બે ડગલાં અનિવાર્ય સ્વરૂપે ઉઠાવવા પડશે, એક અંગત જરૂરિયાતો અને મહત્ત્વાકાંક્ષાઓને ઘટાડવી, જેને સંયમ કહી શકાય છે, બીજું વિદ્યાના વિસ્તાર માટે સબળ પુરુષાર્થ આચરવો, આને સેવા અને સાધના કહી શકાય છે.

પ્રથમ સોપ્રાનમાં સામાન્ય નાગરિકોના નિર્વાહની કસોટી ઉપર પોતાને સાચા સિદ્ધ કરવા પડશે. અહીં વધારે ઊત્પાદન ઉપર રોક ટોક નથી, પણ અંગત ખર્ચામાં એટલી કાપ મૂકવી જોઇશે કે તેને તપસ્વી જીવન તો નહીં, સાદું જીવન ઉચ્ચવિચાર સ્તરનું તો સમજી જ શકાય.

આટલું પહેલું ડગલું જે ઉઠાવશે તે અનુભવ કરશે કે તેની પાસે જે સમય, શ્રમ,

કૌશલ્ય,મનોયોગ ઉપરાંત સાધનો પણ પ્રમાણમાં વિશેષ માત્રામાં છે, તે બધાનો ઉપયોગ સમયની મહત્ત્વની માંગણીને પૂર્ણ કરવા માટે યુગદેવતાઓના ચરણોમાં શ્રધ્ધાંજલિ સ્વરૂપે પ્રસ્તુત કરશે. આમ તેવા નાગરિકો લોકોને અનુકરણ કરવા યોગ્ય ઉદાહરણ રજૂ કરી શકશે.

આ બાબતમાં ન તો ઉંચા શિક્ષણની જરૂર છે અને ન પુષ્કળ સંપત્તિની, તે ચતુરાઇની પણ જરૂર નથી જે લાંબા મોટા ભાષણ આપીને લોકોને ફોસલાવે છે, પણ પોતાનું સ્વંયનું વ્યક્તિત્વ પોકળ હોવાને કારણે પ્રભાવશાળી સાબિત થતું નથી. આજકાલ ઉપદેશકો અને વક્તાઓની દરેક ક્ષેત્રમાં એક પ્રકારનો રાફડો ફાટ્યો છે. ઉંચી ખુરશી ઉપર બેસવા માટે, ગળામાં માળા પહેરવા અને માઇક પર ભાષણબાજી કરવા માટે તેવા લોકો તડપતા રહે છે. એકને મહત્ત્વ મળવાથી તેના બીજા સાથીઓ રિસાઇ જાય છે.

અંગત સગવડોમાં કાપ કરવામાં જેઓ શ્રદ્ધા કેળવી લેશે, તેમને સાચા અર્થમાં સંયમી, તપસ્વી, વૈરાગી કહી શકાશે, ભલે પછી તેઓ ઘર પરિવાર વચ્ચે હળીમળીને સજ્જનો જેવું જીવનનિર્વાહ કરતા હોય. તેમના માટે આ એકદમ સરળ હશે કે પોતાના આદર્શો રજૂ કરીને અનેકોને અપેક્ષા કરતાં વધારે ઉંચા ઉઠાવવાનું અને આગળ વધારવાનું પ્રોત્સાહન આપી શકે. યુગ અધ્યાપકોની અત્યારના દિવસોમાં ભારે માંગણી છે તેઓ તે વર્ગમાંથી નીકળશે જેમણે અધ્યાત્મદર્શનના આ આધારભૂત સિદ્ધાંતોને સંપૂર્ણપણે સ્વીકારી લીધા હશે અને જેઓ આદર્શોના પાલનની દષ્ટિએ બીજાઓની સરખામણીમાં પોતાનું સ્તર થોડુંક ઉંચું ઉઠાવી શક્યા હશે.

## ૩. યુગ ચેતનાનો પ્રચાર અને પ્રસાર

સંયમ અને સેવાના બે વ્રત ધારણ કરી લેવાથી અધ્યાત્મ સ્તરની કર્મયોગ સાધના થઈ શકે છે. લોકશિક્ષણ આની અંદર આવે છે. વિદ્યા વિકાસ આ જ છે. આના માધ્યમથી ચિંતન ક્ષેત્ર ઉપર છવાયેલ વિકૃતિઓનું નિરાકરણ કરવામાં આવે છે. જો મનુષ્ય સાચું વિચારવા અને સાચું કરવા લાગે તો સમજવું જોઇએ કે તે માટે દેવત્વ અદશ્ય નહીં રહે, પોતાનો પ્રકાશ અને શક્તિનો પ્રત્યક્ષ પરિચય આપવા લાગશે. આ તથ્યને ધ્યાનમાં રાખતાં ૫ લાખ પ્રૌઢ પુખ્તવયના અને તેમની સાથે જોડાયેલા ૨૦ લાખ સક્રિય પ્રજ્ઞા-પુત્રોની સર્જન સેના તૈયાર થાય છે. તેમાંથી એક લાખ ભૂલચૂકના છોડી દેવામાં આવે તો પણ ૨૪ લાખ કોઇ પણ સંજોગોમાં થઇ જ જાય છે.

સંયમ તપથી પોતાનો નિર્વાહ તથા મહત્ત્વાકાંક્ષાઓમાં કાપ કરવાથી એટલા ઓછા સાધનોથી જીવનચર્ચા થાય છે કે તત્પરતા તન્મયતા અપનાવનાર દરેક વ્યક્તિ સમય,શ્રમ, મનોયોગ અને સાધનોની ઘણી બચત કરી શકે છે. તે બચતને નવ સર્જનં માટે લગાવતા રહેવાથી એટલું બધું થઈ શકે છે કે મહાન પરિવર્તનની સંભાવનાઓ સાકાર થવામાં કોઇ પ્રકારની શંકા ન રહે.

દરેક પરિજનને ઓછામાં ઓછા બે કલાકનો સમય પોતાના ક્ષેત્રમાં યુગ ચેતનાને વ્યાપક બનાવવા માટે લગાવતા રહેવા કહેવામાં આવ્યું છે. ૨૪ લાખ વ્યક્તિઓના બબ્બે કલાક મળીને ૪૮ લાખ કલાક થાય છે. ૬ કલાકનો એક શ્રમ દિવસ માની લેવામાં આવે તો ૮ લાખ વ્યક્તિઓના પૂરા દિવસના કામ બરાબર થઇ જાય છે. આ નવ સર્જનના વિવિધ પ્રયોજનોમાં ખપાવી શકાય તો એવું ઉત્સાહવર્ધક વાતાવરણ બની શકે જેની કલ્પના માત્રથી આનંદિત કરવાવાળો ઉત્સાહ આવવા લાગે.

૨૪ લાખ વ્યક્તિ જો ઓછામાં ઓછી રકમ ૨૦ પૈસા જ એકઠા કરવા લાગે તો તે ચાર લાખ એંશી હજાર રૂપિયા દરોજના થઇ શકે છે. આને જો સર્જન શિલ્પી વિદ્યા-વિકાસ માટે પોત-પોતાના ક્ષેત્રમાં કરકસરપૂર્વક અને સાવચેતીથી લગાવવા લાગે તો તેટલા માત્રથી અસંખ્ય ક્ષેત્રોની સર્જનની જરૂરીયાત સહજ રીતે પૂરી થઇ શકે છે. ત્યારે ન સરકારની મદદ માંગવાની જરૂર પડશે અને ન કોઇ દરવાજે-દરવાજે ફાળો એકઠો કરવા જવું પડશે. આપણા નાનકડા પરિવારનું નાનકડું દાન સંયુક્ત રૂપે એટલું સમર્થ થઇ શકે છે કે આપણી પહોંચનું કોઇ ઘર-ગામ નવયુગનો અલખ નિત્ય સાંભળતા રહેવાથી વંચિત ના રહે અને એક કરોડ વ્યક્તિ નવચેતનાથી લાભાન્વિત થઇ શકે.

દુર્બુદ્ધિથી ભ્રષ્ટ ચિંતન અને ખરાબ આચરણ જન્મે છે. દુર્બુદ્ધિને પણ કપડાની માફક સાબુ અને પાણીથી ધોઇ શકાય છે. એ બન્ને છે સ્વાધ્યાય અને સત્સંગ. એ દુર્ભાગ્ય જ કહેવાય કે આ બન્નેના નામ માત્ર બાકી રહ્યા છે, પરંતુ તેનું વાસ્તવિક અને જીવંત સ્વરૂપ ના જાણે ક્યાં છૂપાઇ ગયું છે. પછી બીજી એક વાત એ છે કે યુગની સમસ્યાઓને અનુરુપ જ આ બન્નેનું નિર્ધારણ થાય છે. યુગ ચેતના યુગ દૃષ્ટાઓના મગજમાંથી ઉપજે છે. આ રીતે સાચું સાહસ પણ તે જીવંત વ્યક્તિયોને કામ આવે છે જે ફક્ત પ્રખર પ્રતિભાથી જ ઉત્પન્ન ન થાય પરંતુ સામયિક સમસ્યાઓના સમાધાનના પણ સાચા-વ્યાવહારિક સ્વરૂપ આપે છે.

શાંતિકુંજની યુગ નિર્માણ યોજના દ્વારા યુગ સાહિત્ય અત્યારના સમયે તૈયાર કરવામાં આવ્યું છે જેની કિંમત લગભગ કાગળ સહી જેટલી જ રાખવામાં આવી છે. કોપી રાઇટ પણ કોઇનો નથી. કોઇ પણ છાપી શકે છે. આ રીતે સત્સંગ માટે

પણ એક મર્યાદિત ક્ષેત્રની વિચારધારા નિર્ધારિત કરવામાં આવી છે. પ્રવચનોમાં પણ મર્યાદિત વિચારોને ઉંડાણપૂર્વક ઉતારી દેવાથી જ વાત બને છે, નહીંતર રસ્તાઓ ઉપર ખુશામત કરવાવાળા પણ કંઇને કંઇ બકવાસ કરે છે અને ભીડ એકઠી કરીલે છે. આવા બકવાસ સાંભળવા પણ ભારે પડી જાય છે, કારણ કે તેનાથી અવળું અને નુકશાનકારક ચિંતન પણ ગળે બાંધી લે છે.

સત્સંગના બે પક્ષ છે- એક ગાયન અને બીજું પ્રવચન. આમ બન્નેની જરૂરિયાત પૂરી કરવાવાળી સસ્તી પુસ્તિકાઓ છાપવામાં આવી છે પણ જેને વધારે સરલતા જોઇએ તેમના માટે વિડિયો ટેપ પણ તૈયાર કરવામાં આવી છે. આમાં સૂત્ર સંચાલકનું પ્રવચન, માતાજીના ગાયનો અને દેવ કન્યાઓના સહકિર્તન (ભજનો)નો સમાવેશ છે. એક ટેપ એવી પણ છે જેમાં યુગ પરિવર્તનના મૂળભૂત સિદ્ધાંતોનો ટૂંકો તેમજ સરળ સુબોધ ઢંગથી સમાવેશ કરાયો છે.આ ટેપ શાંતિકુંજમાં મળે છે જેને કોઇપણ પોતાના ટેપરેકોર્ડર ઉપર વગાડી એકઠા થયેલા લોકો વચ્ચે યુગ પ્રવક્તાની, યુગ ગાયકની ભૂમિકા નિભાવી શકે છે. યુગ ચેતનાના પ્રચાર-અને પ્રસારનો આ પણ એક સરળ ઉપાય છે.

વિદ્યા વિકાસ માંટે સાહિત્ય અને વાણી બન્નેનો ઉપયોગ વ્યાપક સ્વરૂપે કરવામાં આવે છે. જ્ઞાનરથ, સાઇકલ યાત્રા, સદ્ વાક્ય લેખન, ઝોલા પુસ્તકાલય, સત્સંગ, દીપયજ્ઞ વગેરેના માધ્યમે સર્જન શિલ્પી દરેક ક્ષેત્રમાં યુગ ચેતનાનો વિકાસ કરવા માટે તૈયાર થઇ તૂટી પડે- એવું વાતાવરણ બની રહ્યું છે. નિર્ધારિત મર્યાદિત સમયદાનની અંદર જ આ કામ કરતા રહેવું સંભવ છે.

ઝોલા પુસ્તકાલયની પ્રક્રિયા થોડાક દિવસોથી સફળતાપૂર્વક ચાલી રહી છે. ખભા ઉપર લટકતા ઝોલામાં યુગ સાહિત્ય ભરીને પોતાના પરિચયના ક્ષેત્રોના શિક્ષિતોને ઘેરબેઠા વગર મૂલ્યે આપીને વાંચી લીધા પછી જાતે જ જઇને તેને પાછા લઇ આવવા. આવુ વાંચવાવાળાઓને એ પણ કહેવામાં આવે છે કે તે આ પુસ્તકોને આસપાસના અભણ લોકોને સંભળાવવાની-સંભળાવતા રહેવાની જવાબદારી પણ ઉઠાવે. આ પ્રક્રિયામાં યુગ ચેતનાથી શિક્ષિતો અને અશિક્ષિતોને સમાન રૂપે જાણકારી મેળવવાનો અવસર મળે છે. વંચાવી-સંભળાવી દીધા પછી આ સાહિત્ય ઘરના પુસ્તકાલય સ્વરૂપે બદલી શકાય છે અને કુટુંબની સ્થાયી સંપત્તિ બનીને એક રીતે ચેતનાનો ભંડાર બની રહે છે. દરમહીને નવાં પુસ્તકો ખરીદતાં અને ભંડાર વધારતા રહેવાની જરૂરિયાત એ મૂડીમાંથી પૂરી થઇ જાય છે જે દરરોજ દસ કે વીસ પૈસા જેટલું અંશદાન સદ્જ્ઞાન વિકાસ માટે પરિજન સ્વચ્છાએ કાઢતા રહે છે. આ સ્વાધ્યાયની નાની પરંતુ સશક્ત પ્રક્રિયા થઇ.

બીજો પક્ષ છે- સત્સંગ, આને માટે દરેક પ્રજ્ઞાકેન્દ્રમાં સાપ્તાહિક સત્સંગ ચાલે છે. તેમાં સમૂહ ગાન, કિર્તન અને યુગ સાહિત્ય વાંચનને આધારે પ્રવચન ચાલે છે. સાથોસાથ થોડીક અગરબત્તીઓ સળગાવી, થોડાક દીવાઓ થાળીમાં રાખીને દીપયજ્ઞની પૂણ્ય પ્રક્રિયા પણ પૂરી કરી શકાય છે. ક્યાંક-ક્યાંક સાપ્તાહિક સત્સંગની જગ્યાએ એ પ્રબંધ કરવામાં આવ્યો છે કે ગૃહસ્વામીનો જે દિવસે જન્મ દિવસ હોય તે દિવસે પોતાના સંબંધીઓની હાજરીમાં એક નાનકડો સમારોહ કરવામાં આવે.

દિવાલો ઉપર આદર્શ વાક્યોને લખવા તેમજ કબાટ, ફર્નિચર, માળિયાં, એટેચી વગેરે ઉપર સ્ટીકર લગાવવા એ પોતાના ઢંગનું અનોખું કાર્ય છે, જે ત્યાંથી પસાર થનાર કે જોનાર દરેક કોઈનું ધ્યાન તે તરફ આકર્ષિત કરે છે અને વાંચવાવાળાના મગજમાં એક વીજળી ઝબકે છે. આ કાર્ય જો ગલીઓ અને મહોલ્લાઓમાં સારી રીતે કરી દેવામાં આવ્યું હોય તો સમજવું જોઈએ કે આ બોલતી દિવાલો રસ્તે ચાલનારને એવું કંઈક હમેશા શીખવતી અને સમજાવતી રહેશે, જેને આદર્શવાદી પ્રેરણાઓથી ઓતપ્રોત કહી શકાય.

## ૪. નવસર્જનની વિશિષ્ટ અધ્યાત્મ-સાધના

દેખાતા સ્થૂલ શરીર સિવાય અદૃશ્ય સ્તરના બે બીજા શરીર પણ છે જેને સૂક્ષ્મ શરીર અને કારણ શરીર કહે છે. સૂક્ષ્મમાં દૂરદર્શિતાનો અને કારણમાં ભાવ-સંવેદનાનો નિવાસ છે. આ ક્ષેત્રોને તેમની જરૂરીયાતો ઉપલબ્ધ થાય તો આરોગ્ય સમતોલનમાં પણ બની રહેશે. આની ઉપર પ્રભાવતો સ્વાધ્યાય, સત્સંગનો પણ પડે છે પણ જો નિર્ધારિત સાધનો અને ઉપચારો અપનાવવામાં આવે તો તેથી પણ ઘણું સારું. આનો સમાવેશ રહેવાથી ઉપરના બન્ને કેન્દ્રોમાં પ્રગતિની તેથી પણ વધારે સંભાવના રહે છે. સૂક્ષ્મ શરીર માટે જપ અને કારણ શરીર માટે ધ્યાન પ્રક્રિયાનું અનુભવી સાધના વૈજ્ઞાનિકોએ નિર્ધારણ કર્યું છે.

જપ પ્રયોજન માટે અનેક મતો પોતપોતાના નિયમ અને નિર્ધાર છે, પણ જો સાર્વભૌમ સ્તરે એ નિરીક્ષણ કરવામાં આવે તો ગાયત્રી મહામંત્ર સાર્વજનિક સ્તરે બેસે છે. જેના જપનું પુનરાવર્તન કરવાથી વ્યક્તિઓમાં સંયમિત સ્તરની પ્રતિભા ઉભરે છે, સાથોસાથ અદૃશ્ય વાતાવરણમાં પણ પ્રેરણાપદ તત્ત્વોનું જોર વધારે હોય છે. ઓછામાં ઓછા ૧૦૮ મંત્રોની એક માળા જપવામાં આવે તો અંતરમાં જ્ઞાન જેવી સ્ફૂર્તિનો અનુભવ થાય છે. જેટલું વધારે થઈ શકે તેટલું જ વધારે લાભદાયક નીવડે. સારું તો એ છે કે દરરોજના કર્મથી, સ્નાન વગેરેથી નિવૃત્તિ થઈ શુદ્ધ સ્થાને

બેસીને પણી અને અગ્નિની સાક્ષીએ તેને પૂર્ણ કરવામાં આવે. પૂજાની ઓટલી ઉપર નાનકડો પાણીનો કળશ અને અગરબત્તી સળગાવી વાતાવરણને વધારે અનુકૂળ બનાવી લેવામાં આવે. પણ જેના માટે આવી સ્વચ્છતા અપનાવવામાં મુશ્કેલી પડતી હોય તે સ્નાન કર્યા વગર પણ મૌન માનસિક જપ કરી શકે છે. એક માળા જપવામાં હમેશા લગભગ પાંચ મિનિટ લાગે છે. આટલો સમય કાઢવામાં તે ઉત્સાહી શ્રદ્ધાળુઓ માટે મુશ્કેલી ન પડવી જોઇએ. આ પ્રયત્નોને આધારે સૂક્ષ્મ શરીરમાં મળતી ચોવીસ ગ્રંથિઓ જાગૃત થાય છે અને તે આધારે ગુણ , કર્મ, સ્વભાવનો વિકાસ થાય છે. બુદ્ધિ પ્રગટે છે અને પ્રતિભા વિકસે છે.

કારણ શરીરના ઉંડાણ સુધી પહોંચવા માટે ધ્યાન-ધારણા અપનાવવાની જરૂર પડે છે. આમતો ઘણા લોકો પોત-પોતાના ઇષ્ટ દેવોનું ધ્યાન ધરતા હોય છે. પણ જૂનાં દુઃખી અનુભવી જનોના સમર્થન અને અંગત ઉપયોગથી એ જાણી શકાય છે કે વહેલી સવારે સૂર્યનું ધ્યાન સૌથી શ્રેષ્ઠ છે. બની શકે તો સવારના ઉગતા સૂર્યના પ્રત્યક્ષ દર્શન પણ કરી શકાય છે અને પાણીનું અર્ધ્ય ચઢાવવામાં આવે છે પણ તેમને નિશ્ચિત સમયે કોઇ મોટી અડચણને કારણે પ્રત્યક્ષ દર્શન ન થઇ શકે તો તેઓ માનસિક ધ્યાન પણ કરી શકે છે.

વહેલી સવારના લાલ આકાશ સવિતાનું ધ્યાન દર્શન કરવાની સાથોસાથ એ ધારણા પણ કરવી જોઇએ કે દિવ્ય કેન્દ્રથી નીકળતા કિરણો સાધકના પ્રત્યક્ષ શરીરમાં, સૂક્ષ્મ શરીરમાં અને કારણ શરીરમાં પ્રવેશ કરી રહ્યા છે અને ત્રણેય સંસ્થાનોમાં પ્રકાશ ભરી રહી છે, સાથો સાથ ઉર્જા, ગરમી અને પ્રકાશ સ્તરની તેજસ્વીતાનો સમાવેશ કરી રહી છે. સ્થૂળ શરીરમાં ઓજસ્ , સૂક્ષ્મ શરીરમાં તેજસ્ અને કારણ શરીરમાં વર્ચસ્નો વિકાસ થઇ રહ્યો છે. પોતાના રોમરોમમાં, કણેકણમાં સવિતાની ઉર્જા અને પ્રકાશ ઓતપ્રોત થઇ રહ્યો છે.વ્યક્તિત્વ ઓજસ્વી, મનસ્વી અને તપસ્વી બની રહ્યું છે. સવિતા અને સાધક, આગ અને ઈંધણની માફક પરસ્પર એકાકાર થઇ રહ્યા છે. આદાન-પ્રદાનનો, સમર્પણ અને દાનનો ઉપક્રમ સતત ચાલતો રહે છે. આ દૈનિક સાધના છે, આ જેનાથી જેટલી શ્રદ્ધા અને તત્પરતાથી થઇ શકે તે આને નિત્ય કર્મના એક અવિભિન્ન અંગ રુપે કરતા રહે

આ યુગસંધિની વેળા છે. એકવીસમી સદીના આગમન પહેલાં વીસમી સદી ચાલશે. આ અંતિમ સોપાન કેટલીક ઉથલપાથલથી ભરેલું હશે. તેમાં પ્રસુતિની પીડા જેવી અનુભૂતિ પણ થઇ શકે છે અને નવજાત શિશુના આગમનના ઉત્સાહવર્ધક સમાચાર પણ મળી શકે છે. જન્મ અને મરણના શરૂઆત અને અંતવાળા અવસર પણ આવી જ ઉથલ પાથલવાળા હોય છે.

રાતની સમાપ્તિ અને પ્રભાતનું આગમન સંધ્યાકાળ કહેવાય છે. તેમાં સાધારણ ક્રિયા-પ્રક્રિયાની જગ્યાએ દરેકને કેટલીક નવા સ્તરની પ્રવૃત્તિઓ અપનાવવી પડે છે. સંધિયુગમાં પણ શાંતિકુંજની એક બાર વર્ષની વિશેષ યોજના બની છે. તેમાં બે વર્ષ વીતી ગયાં. દસ વર્ષ બાકી છે. આ સમયમાં એક આધ્યાત્મિક સામૂહિક મહા અનુષ્ઠાનની શરૂઆત કરવામાં આવી છે. દરેક દિવસે ૨૪ કરોડ ગાયત્રી જપ કરવાનું બીજાઓ માટે આ લક્ષ્ય હિમાલય જેવું ભારે લાગી શકે, પરંતુ આપણા ૨૪ લાખ પરિજન જો એક માળા ગાયત્રી જપ અને સવિતાના ધ્યાનમાં પાંચ-દસ મિનિટ લગાવતા રહેતો આટલી સંખ્યા દ્વારા સંકલ્પિત સાધના સારી રીતે પૂરી થતી રહેશે.

પ્રચાર-વિકાસનો ક્રમ ઝડપથી ચાલી રહ્યો છે. આ સાધનાની પૂર્ણાહૂતિ ૧૯૯૫ તથા ૨૦૦૦ માં થશે, જેમાં ઓછામાં ઓછા એક કરોડ વ્યક્તિઓ સામેલ થશે. આ બધાને આ પ્રથમ ચરણની પૂર્ણાહુતિ કરીને આગળના નવા સોપાનમાં આથી પણ વધારે શ્રદ્ધા-સંવેદનાથી, ઉત્સાહ તેમજ સાહસની સાથે પ્રવેશ કરવો પડશે. એટલા માટે બે પૂર્ણાહુતિઓના આયોજનની યોજના બની છે. જો આટલા લોકોને એકઠા કરવાનું એક જગ્યાએ ન બની શકે તો તેને મિશન દ્વારા સંચાલિત ૨૪ સો પ્રજ્ઞાકેન્દ્રોમાં વિભાજીત કરી શકાય છે. પૂર્ણાહૂતિની આ વિશાળતાનું લક્ષ્ય યથાવત્ રહેશે, પણ તેને એક કે બીજી જગ્યાએ પૂરા કરવાની વાત અવસર આવવાથી પરિસ્થિતિ મુજબ જ નિશ્ચિત થશે.

સામૂહિકતાની શક્તિથી બધા પરિચિત છે. ભવ્ય ભવન અસંખ્ય ઈંટો મળીને બને છે. અનેક દોરા મળીને કાપડ બને છે. વાંસના તણખલા વણાઇને મજબૂત રસ્સી બને છે. સૈનિકોનો સમુદાય મળીને કાબેલ સેનાનું રૂપ ધારણ કરે છે. મધમાખીઓ હળીમળીને એક છત્ર બનાવે છે અને મધ એકઠું કરે છે. દેવોની સંયુક્ત શક્તિથી દેવી દુર્ગાનો અવતાર સંભવ બન્યો હતો. ઋષિના લોહીથી ઘડો ભરાઇ જવાથી તેમાંથી અસુરોનો નાશ કરવાવાળી સીતાનો ઉદ્‌ભવ થયો હતો. અણુઓ મળીને આ દૃશ્ય જગત નિર્માણ પામ્યું છે. નવયુગના અવતરણમાં પણ બુદ્ધના પરિજનો તેમજ ગાંધીના સત્યાગ્રહીઓ જેવું સંગઠન એકઠું થશે.

યુગ સંધિ મહાપુરશ્ચચરણને, નવયુગની જ્ઞાન ગંગાને ધરતી ઉપર ઉતારવાવાળી સંયુક્ત સ્તરની ભગીરથ સાધના કહી શકાય છે. તેને નાનામાંથી વિશાળ બનાવવાવાળાં મત્સ્યાવતાર જેવી ભૂમિકા પણ નિભાવવાની છે. એટલા માટે દેવ માનવોને એક છત્ર-છાયામાં એકઠા કરવા પણ જરૂરી બની ગયા છે. આ સંદર્ભે સને ૫૮ માં એક સહસ્ત્ર કુંડી મહાયજ્ઞનો પ્રથમ પ્રયોગ ગાયત્રી તપોભૂમિ, મથુરામાં થઇ ચૂક્યો છે. યુગ નિર્માણ યોજનાની વિસ્તૃત રુપરેખા તે અવસરે બની હતી અને ત્યારથી લઇને અત્યાર સુધીના

સમયમાં તેના નૈતિક, બૌદ્ધિક અને સામાજિક ક્ષેત્રોમાં આશ્ચર્યજનક સમજવામાં આવતી ક્રિયા-પ્રક્રિયા સમ્પન્ન કરી છે. ફક્ત એક જોરદાર ધક્કો એંજિન લગાવે છે, તો ડબ્બા તે ધક્કાને કારણે દૂરદૂર સુધી પાટા ઉપર દોડતા ચાલ્યા જાય છે. અત્યારે સને ૧૯૯૦ થી ૨૦૦૦ સુધી લગભગ દસ વર્ષ બાકી છે. આ સમયમાં એટલી સમર્થતા મેળવી પડશે કે પૂર્ણાહુતિ સ્વરુપે મારેલી જોરદાર ઠોકર એકવીસમી સદીના ઉજ્જવળ ભવિષ્યનું પ્રત્યક્ષ દર્શન તેમજ અનુભવ કરાવી શકે.

## ૫. વાણી મારફત યુગ ચેતનાનો પ્રસાર-પ્રસાર

અત્યારના સમયમાં સાધારણ લોકોની વિચારવાની પદ્ધતિ લોભ-મોહ અને અહંકાર સાથે ખરાબ રીતે જોડાઇ ગઇ છે. ચાલતી રુઢિતાને અભ્યાસમાં એ રીતે ઊતારી દીધી છે કે અનિચ્છનીય હોવા છતાં પણ તેનો મોહ છોડતાં નથી છૂટતો. આ સ્થિતિને સંપૂર્ણ રીતે ઉલટાવી પડશે અને પદ્ધતિઓમાં, વિચારણા અને મહેચ્છાઓમાં એટલો ફેરફાર કરવો પડશે જેને સ્વતંત્ર ચિંતન તેમજ નવ નિર્ધારણની સંજ્ઞા આપી શકાય. પોતાનું જ સારું અને બીજાનું ખરાબ, આ માન્યતા સાચી નથી. સત્યના દર્શન જ્યાંથી પણ થાય છે ત્યાંથી તેની પસંદગી કરવી જોઇએ. ઉચિતને સ્વીકારી લેવાંમાં આપણે રાજહંસની માફક નીરક્ષીર વિવેકની નીતિ અપનાવવી જોઇએ. વિચારક્રાંતિનું આ જ સ્વરૂપ છે.

વિચારોને પ્રભાવિત કરવાવાળી બે પ્રક્રિયાઓ સર્વ સાધારણની જાણકારીમાં છે. એક વાણી બીજી કલમ. આમાં પહેલી દ્વારા સત્સંગ યોજાય છે, બીજી સ્વાધ્યાયનો સામાન એકઠો કરે છે. વાણીનો લાભ ભણેલા-અભણ બંને સમાન રૂપે ઉઠાવે છે. લખાણને અભણ લોકો વાંચી શકતા નથી પણ સાંભળી તો શકે જ છે. આ બંનેને છેણી, હથોડા સમજીને આપણે કઠોર પથ્થર જેવી નિષ્ઠુર સ્વાર્થ પરાયણતાને યુગને અનુરૂપ આકારમાં ઘડવી જોઇએ. વાણી અને કલમને પ્રચંડ અસ્ત્ર-શસ્ત્ર માનીને આપણે વ્યાપેલી અસુરતા સાથે લડવા માટે, છાતી કાઢીને ટક્કર લેવા માટે યુદ્ધ ક્ષેત્રમાં ઉતરવું જોઇએ.

આમ સત્સંગના નામે સડેલો-કચરો લોકોના માથા ઉપર લદાઇ રહ્યો છે, પણ જરૂરિયાતની કસોટી ઉપર કસીને તેની કાબેલિયત ત્યારે સ્વીકારવી જોઇએ કે જ્યારે તે આજની સમસ્યાઓનું આદર્શવાદી તેમજ વ્યાવહારિક સમાધાન રજૂકરી રહ્યું હોય. એ જરૂરી બની જાય છે કે ઘણા લોકોનો મોટો સમુદાય એક જ જગ્યાએ એકઠો થાય અને તેનું સ્વરૂપ સભા સમારોહ જેવું તો ના હોય, પણ ઓછામાં ઓછું વિચાર ગોષ્ઠી જેવું તો બની જ જાય. મુશ્કેલીતો એ છે આવો સમાન એકઠો કરવો અત્યારના સમયમાં અતિ આડંબરપૂર્ણ અને મર્યાદિત બની ગયો છે. જાણકારો જાણે છે કે રેલીઓ કાઢવાવાળા

અને મોટા સંમેલન બોલાવવાવાળાઓને કેટલી મુશ્કેલીઓ વેઠવી પડે છે અને કેટલો બધો ખર્ચ કરવો પડે છે. પછી વધારે ભીડની જમાવટ ત્યાં પણ મેળા જેવું બની જતું હોય છે. માઇક્રોફોનથી સાંભળનારના મનમાં પણ કોઇ તીવ્ર પ્રેરણા પ્રગટતી નથી, જેનાથી થોડીક આદર્શવાદી ઉમંગો પ્રગટવાની આશા કરી શકાય.

જૂના જમાનામાં લાઉડ સ્પીકર નહોંતા , એટલે વિશાળ ભીડ જમા કરવાવાળા સમારંભની કલ્પના પણ કરી શકાતી નહોંતી. તે દિવસોમાં નાના આકારના કથા પ્રવચનોથી કામ ચાલી જતું. આપણે તે જુની પરંપરા તરફ સ્વાધ્યાયના સંબંધમાં પણ આવી પરીક્ષા થવી જોઇએ. એ જરૂરી નથી કે તે કોઇ પ્રાચીન વ્યક્તિ દ્વારા પુરાણી ભાષામાં લખાઈ જ હોય. જે જૂનું તે સાચું આ માન્યતા એવી નથી જેને આંખો મીંચીને નાક બંધ કરીને ગળે ઉતારી લેવામાં આવે. કોઇ વૃદ્ધ પાગલ હોઇ શકે છે અને કોઇ કિશોર પણ સમજદારીની વાત કરી શકે છે. શેનો સ્વીકાર કરવો ? તેનો જવાબ એક જ હોઇ શકે જેમાં ઔચિત્યનું ઉંડાણ હોય, જેમાં સમાધાનના તર્ક,તથ્ય,ઉદાહરણ એટલા પ્રમાણમાં સામેલ હોય કે સીધા ગળે ઉતરી જાય અને શ્રેષ્ઠતાના પક્ષકાર હલચલ ઉત્પન્ન કરી શકે. કલમ અને વાણીનો યુગચેતના સાથે જોડાયેલો પ્રયોગ આપણે અત્યારના સમયમાં આ સ્તરે કરવો જોઇએ.

વાણીનો ઉપયોગ મોટાભાગે વ્યાખ્યાન, પ્રવચન રૂપે જ થતો આવ્યો છે, પરંતુ તેના માટે પાછા વળવું પડશે. નાના ગામોના ગલી-મહોલ્લામાં વસેલા લોકો સમુદાયને સભાઓ જેવી પ્રક્રિયા અપનાવીને કામ ચલાવવું પડશે. ચાર રસ્તા પરની ચુંટણીમાં ઊભા રહેનાર પણ આવી જ પદ્ધતિ અપનાવે છે.

પહાડ જાતે ચાલીને આપણા ઘેર ન આવે તો બીજી રીતે એ બાકી રહે છે કે આપણે જાતે ચાલીને પહાડની તળેટી કે ટોચ સુધી પહોંચવામાં આવે. સુષુપ્ત લોકો માનસને સુતેલી ખુમારીથી જગાડવા અને હચમચાવવા માટે જાતે જ દોડાદોડ કરવી ઉચિત છે. તે પ્રયોજન માટે પ્રજ્ઞાપુરાણની કથા મહોલ્લે-મહોલ્લે કરવાનો એક સફળ પ્રયોગ છેલ્લા લાંબા સમયથી ચાલી રહ્યો છે. હવે પર્વ તહેવારો ઉપર અને રજાના દિવસો પણ એ માટે ઉપયુક્ત સમજવામાં આવ્યા છે, કે તેના બહાને લોકોને એકઠા કરીને પર્વો સાથે જોડાયેલી પ્રગતિશીલતાને પ્રગટાવાય અને લોક માનસને જરૂરી પરિવર્તન માટે પ્રોત્સાહિત કરવામાં આવે. મેળા અને પ્રદર્શનો પણ આ પ્રયોજન માટે ઉપયોગી નીવડે છે.

એક કાયમી નવો પ્રયોગ અત્યારના દિવસોમાં વધારે સ્વિકૃત થઇ રહ્યો છે. સાયકલના પૈડાવાળા જ્ઞાનરથ એક રીતના બનાવી લેવામાં આવે જેમાં બેટરી, ટેપરેકોર્ડર અને લાઉડસ્પીકર લાગેલા હોય. તેમાં મફત વાંચવાનું અને વેચવાનું યુગ સાહિત્ય

પણ સામેલ હોય. આને ગલીઓ, મહોલ્લાઓ, બજારોમાં ફેરવવામાં આવે. યુગ ચેતનાથી પરિપૂર્ણ સંગીત વાગતું રહે, પ્રવચન ચાલતું રહે. વધારે જાણવા માટે ઉત્સુક હોય તેઓને યુગ સાહિત્ય વાંચવા માટે પ્રોત્સાહન પૂરું પાડવામાં આવે. આ રીતે પ્રભાત ફેરી કાઢવા, મહોલ્લે-મહોલ્લે અલખ જગાવવા, ચોરાહા પરની સભાઓ કરવાનો બહુમુખી કાર્યક્રમ આખો દિવસ ચાલતો રહી શકે છે. તેને સાધારણ સમજવાળો માણસ પણ ફેરવવાનું કામ કરી શકે છે. જરૂરી નથી કે તે વક્તા, ગાયક, પ્રચારક સ્તરનો હોય. ફક્ત થોડીક સમજદારી હોયતો જ્ઞાનરથને વારા ફરતી મહોલ્લે-મહોલ્લે ફેરવતા ફેરવતા કોઇ મોટા બજાર-શહેરના ખૂણે-ખૂણામાં પણ યુગ સંદેશ પહોંચાડવાનું કામ ચાલી શકે છે.

આ યોજનાના બે નાના મૉડેલ પણ બન્યા છે. તેમાંથી એક છે-સાધારણ સાયકલ ઉપર ઉપરોક્ત પ્રચાર સામગ્રી ફીટ કરી દેવામાં આવે. તેનાથી મુસાફરી પણ કરી શકાય છે અને વધારે વિશાળ કાર્ય ક્ષેત્રમાં કામ થઇ શકે છે. બીજું એ છે કે એક નાનકડી અટેચી સામાન યુક્ત હોય જેમાં ઉપરોક્ત બધી પ્રચાર સામગ્રી ફીટ કરેલી હોય છે. આને કોઇ પણ ઘર, મહોલ્લા, પાર્ક, મંદિર, ઘાટ વગેરે લોકોના એકઠા થવાના સ્થાનોએ ફેરવી શકાય અને નવયુગનો સંદેશ, ગાયનો અને ભાષણો દ્વારા સંભળાવી શકાય છે. ઉપરોક્ત ત્રણ પ્રચાર વાહનોમાં એવી બેટરી લાગેલી હોય છે, જેને આખો દિવસ કામમાં લઇ શકાય છે અને રાત્રે વીજળીથી ચાર્જરના માધ્યમ દ્વારા ફરીથી નવેસરથી કામમાં લઇ શકાય તેવી બનાવી શકાય છે. આ ત્રણેત્રણની મૂળભૂત કિંમત પણ એટલી છે કે જેને કોઇ સાધારણ સ્થિતિનો વ્યક્તિ પણ સહેલાઇથી વહન કરી શકે. નાના ઉપકરણ લગભગ એક હજારના, સાયકલવાળા બે હજારના અને ચાર પૈડાવાળા મંદિર જેવા ઉપકરણ ત્રણ સાડા ત્રણ હજારમાં થઇ જાય છે. સાયકલ કે જ્ઞાનરથ શરૂઆતથી જ પાસે હોયતો તેની કિંમત ઓછી થઇ જાય છે.

જ્યાં આમાંથી કોઇ સાધન ન બની શકે, ત્યાં ખંજરી, મંજીરાની મદદથી એક કે બે વ્યક્તિ પ્રચારનું કામ કરતા હોય છે. તેનું ખર્ચ વીસ પચીસ રુપિયા થાય છે અને તેના માધ્યમથી જ્યાં પણ દસ-વીસ માણસો એકઠા થયા હોય ત્યાં આપણા યુગ પરિવર્તનના વિચારોનો પ્રચાર કરી શકીએ છીએ.

## ૬. લોક-મનોરંજનની સાથે જોડાયેલું લોક-કલ્યાણ

યુગ ચેતનાનું સ્વરૂપ અને નિર્ધારણ, તેનું લેખન અને પ્રકાશન શાંતિકુંજ, હરિદ્વાર

અને યુગ નિર્માણ યોજના, મથુરા દ્વારા નાના ન્નાના સાધનોથી ચાલી રહ્યા છે. છતાં પણ તે પોતાની ગુણવત્તાને કારણે હમેશા લોકપ્રિય બની રહ્યા છે. તેની કિંમત એટલી સસ્તી રાખવામાં આવે છે કે આ સ્તરના પ્રકાશનોની પંક્તિમાં તેને એક પ્રશંસનીય સ્તરનું કહી શકાય. તેને ધંધાદારી પ્રકાશનવાળા દષ્ટિકોણથી લગભગ અલગ રાખવામાં આવ્યું છે. લગભગ કાગળ અને છપાઇ જેટલી જ તેની કિંમત રાખવામાં આવી છે, જેથી ઇસાઇ મિશનો દ્વારા છપાતા અને પ્રચાર થતા સાહિત્યના સ્તરની બરોબરી કરી શકાય.

અત્યારના દિવસોમાં જે કરવાનું લખવાનું અને પ્રતિપાદન પ્રસ્તુત કરવાનું બાકી છે તે એટલું વિશાળ છે કે યુગ-મુનીઓની કેટલીય યોજનાબદ્ધ મંડળીઓ કરી શકે છે. પ્રકાશન માટે એટલું મોટું તંત્ર જોઇએ, જેટલું કે વિશાળ કારખાનામાં લાગે છે. પ્રાદેશિક ભાષાઓમાંથી કેટલીક એવી છે જેમણે સંસારના વિશાળ ભાગોં ઉપર પોતાનું વર્ચસ્વ જમાવ્યું છે. એ ક્ષેત્રોમાં યુગ ચિંતન, તે પરિસ્થિતિઓ સાથે જોડીને એવી રીતે પ્રસ્તુત કરવાનું છે જેનાથી તેમની જીવન પદ્ધતિ અને વિચાર શ્રૃખલા જોડાયેલી છે. એને માધ્યમ બનાવવું હોય તો મૌલિક આદર્શોને યથાવત્ રાખીને પણ તેનું વ્યાવહારિક સ્વરૂપ એ રીતે પ્રસ્તુત કરવું પડશે જે તે સમુદાયોની વર્તમાન માન્યતાઓ સાથે તાલમેલ બેસાડીને પ્રગતિનું વ્યાવહારિક સ્વરૂપ પ્રસ્તુત કરી શકે.

ઇસાઇ ધર્મની એક નાનકડી મર્યાદા છે, પણ તેણે પોતાની વિચારધારાને વ્યાપક બનાવવા માટે બાઇબલથી લઇને નાની પુસ્તિકાઓ સુધી સંસારની લગભગ બધી ભાષાઓમાં કરોડોની સંખ્યામાં છાપી અને યોગ્ય વ્યક્તિઓ સુધી પહોંચાડી છે. એ જ કારણ છે કે તે વિચારધારાથી પ્રભાવિત થઇને સંસારના લગભગ એકતૃતીયાંશ માણસોએ તે ધર્મમાં પ્રવેશ મેળવી લીધો છે.

સામ્યવાદી દેશોએ પણ પોતાના સીમિત ક્ષેત્રોમાં જ નહીં, સંસારની અનેક ભાષાઓમાં પોતાના મંતવ્યો પ્રગટ કર્યા છે. સરકારો પોત-પોતાની નીતિઓનું સ્પષ્ટીકરણ કરવા માટે પ્રચાર પ્રકાશન ઉપર મોટો ખર્ચો કરી રહી છે. આ તો ન અકારણ છે અને ન બિનજરૂરી. હવે લોકમાનસ એટલું સમર્થ બની ગયું છે કે તેનો સાથ લીધા વગર મોટા ભાગના લોકોનું સમર્થન મેળવવું સંભવ બની શકે નહી. યુગ પરિવર્તન પ્રક્રિયા ઉપરના બધા ક્ષેત્રોથી આગળ છે. તેનો સીધો સંબંધ સંસારના ૬૦૦ કરોડ મનુષ્યો સાથે જોડાય છે. જો વિશાળ સમુદાયમાં નવયુગ તરફ ઉત્સુકતા, શ્રદ્ધા તેમજ પ્રયત્ન પરાયણતા ઉત્પન્ન ન કરી શકાઇ તો પછાતપણું લાંબા સમય સુધી પોતાની હાથ કડીઓ, બેડીઓમાં બાંધતા રહેશે.

દુર્ભાગ્યે સંસારમાં અત્યારે એક્તા અને સમાનતાને અપનાવવા માટે વધારે

ઉત્સાહ દેખાતો નથી. આ સંદર્ભે ભાષાઓની ભિન્નતા કુષ્ટમાં ખંજરવાળની માફક છે. કોઈ એક ભાષા એવી નથી, જેનો આધાર લઇ વિશ્વ માનવ સુધી ઉજ્જવળ ભવિષ્યનો સંદેશ તેમજ આલોકને પહોંચાડવાનું સંભવી શકે. આવી દશામાં વિવિધ ભાષા-ભાષીક્ષેત્રો માટે તેને અનુરૂપ ભાષાઓનો આશ્રય લઇ તે સ્તરનું પ્રકાશન જરૂરી બને છે.

હવે લોક ચેતનાને દિશા આપવા માટે કેટલાક બીજા શક્તિશાળી માધ્યમો પોતાની પ્રચંડ શક્તિનો પરિચય આપવા લાગ્યા છે. તેમાંથી એક છે સિનેમાફિલ્મ ઉદ્યોગ. આનો બીજો નાનો ભાઇ જન્મ્યો છે તે છે વીડિયો. તેના દ્વારા દશ્ય અને શ્રાવ્ય બંને માધ્યમોએ લોક ચેતનાને અસાધારણ રુપથી પ્રભાવિત કર્યા છે. તેથી પણ વધારે વધી ગઇ છે. તેનો લાભ સંસારની એકતૃતીયાંશ ભાગની શિક્ષિત જનતા જ નથી ઉઠાવતી, પરંતુ બાકીની બે તૃતીયાંશ અભણ જનતા પણ સંપર્કમાં આવે છે અને પ્રભાવિત થાય છે.

સરકારના કબજામાં દૂરદર્શન અને રેડિયો બંને આવી ગયા છે. તે પોતાના મતલબની જાણકારી તો લોકો સુધી પહોંચાડે જ છે, સાથોસાથ એવું ઘણું બધુ મિલાવી દે છે જે કામના જેવી દુષ્ટપ્રવૃત્તિઓને મનોરંજનનું નામ આપી દર્શકોના ગળે ઉતારી દે છે. આ બંને સમર્થ સાધન યુગચેતનાને અનુરૂપ ચાલી શકે છે, તેની આશા તો અત્યારે ન રાખી શકાય પણ તેના બીજા પણ સુલભ સંસ્કાર એ સ્થિતિમાં છે કે તેનો ઉપયોગ લોકસ્તરના સમર્થ સંગઠનો દ્વારા કરી શકાય.

ટેપ અને ટેપરેકોર્ડર દ્વારા રેડિયોની એક નાનકડી મર્યાદા સુધી જરૂરિયાત પૂરી કરી શકાય છે. ફિલ્મો બનાવવાવાળા જો થોડુંક સાહસ કરે તો તેઓ વિચારક્રાંતિની મહત્ત્વની જરૂરિયાતોમાં પોતાનું કહેવાલાયક યોગદાન આપી શકે છે. પછી તેનો નાનો ભાઇ વીડિયો પણ હવે તે યોગ્ય થઇ શકે છે કે આપણા દુર્બળ પગ અને પાંખો દ્વારા કોઇ રીતે ઘસેડાતા-ઘસેડાતા લોક સમુદાયના એક મોટા ભાગ સુધી પોતાનો પ્રભાવ પહોંચાડી શકે. જો શક્ય હોય તો સમર્થ વ્યક્તિ આ બંને માધ્યમોને પણ એટલા સરળ અને સસ્તા બનાવી શકે છે કે જન-જન સુધી તેને પહોંચાડી શકાય અને સમયની માંગણીને પૂરી કરવામાં તે બંને કહેવાલાયક મોટી ભૂમિકા નિભાવી શકે ગ્રામોફોન રેકોર્ડર ઉદ્યોગ અને સ્લાઇડ પ્રોજેક્ટર હવે સમયથી પાછા પડી ગયા છે, પણ જ્યાં સુધી પ્રચાર માધ્યમોનો સંબંધ છે ત્યાં તેને પણ પછાત ક્ષેત્રોમાં અને પછાત સમુદાયમાં પોતાની ભૂમિકા નિભાવતા રહેવામાં હજુ પણ ઉપયોગી બનાવી શકાય છે.

ક્યારેક લોક શક્તિની મદદથી ચાલતા પ્રચાર પ્રયોજન પણ ગામે-ગામ સુધી પહોંચતા અને લોક આનંદની સાથોસાથ લોકકલ્યાણના કામ પણ સારી રીતે કરતા

હતા, તેથી આવક પણ મળી જતી અને લોક આનંદની સાથોસાથ લોકકલ્યાણનું પ્રચાર કામ પણ વધારે પ્રમાણમાં થઇ જતું, પણ વધતી યાંત્રિક સામ્યતાને કારણે તેનો આધાર ડગમગી ગયો છે.

રામલીલા, રાસલીલા, નાટક, સંગીત, મંડળીઓ, કઠપુતળીઓ વગેરે દ્વારા થોડાક સમય પહેલાં મોટા મોટા કામો થતા હતા અને હજારો લોકોને આજીવિકા મળતી હતી. પણ હવે ગ્રામોદ્યોગની માફક તે પણ ઉપેક્ષાનો ભોગ બન્યા છે. એક પ્રકારથી તેનું અસ્તિત્વ જ નાશ થતું જઇ રહ્યું છે. ગામોમાં ભરાતા બજારો પોતાના થોડાક ઉદ્યોગોને અસાધારણ સ્વરૂપે પ્રોત્સાહીત કરે છે. પણ અત્યારના સમયની પરિસ્થિતિ જોતાં કંઇ કહી ન શકાય કે આ બધાનું ભવિષ્ય શું છે ? છતાં પણ જો ગતિશીલ પ્રતિભાઓ કંઇક પ્રયત્ન કરે તો એ પણ બની શકે કે તે માધ્યમો થોડાક સુધરેલા સ્વરૂપે નભવા લાગે.

મોટા માધ્યમો જેમને ઉપલબ્ધ નથી તેઓ પણ પોતાના સંપર્ક ક્ષેત્રમાં વિચાર વિનમયનો કોઇને કોઇ રસ્તો કાઢી શકે છે. નાટક, અભિનય, લોકનૃત્ય વગેરેની સાચી વ્યવસ્થા ન બની શકે તો એટલું તો થઇ જ શકે છે કે પોતાનાથી નાનાઓને કથા-વાર્તાઓ-કિસ્સાઓ સંભળાવીને, આદર્શ લોકોના ચરિત્ર સંભળાવીને તેની ઉપર ગીત બનાવીને, ખંજરી જેવા નાના વાદ્યો દ્વારા તેને વિવિધ જગ્યાએ સંભળાવતા રહેવાનો ક્રમ અપનાવવામાં આવે. આઠમા ધોરણનો વિદ્યાર્થી નાના ધોરણના વિદ્યાર્થીઓને ઘણું બધું ભણાવવા-શીખવાડવાની મદદ તો કરી જ શકે છે. મોટાઓને નહીં તો નાનાઓને આદર્શવાદી પ્રેરણાઓ આપતા રહેવાની દૃષ્ટીએ તો આપણે બધા ઉપયોગી સિદ્ધ થઇ જ શકીએ છીએ.

## ૭. તીર્થયાત્રાનો આદર્શ

દક્ષિણ આફ્રિકાથી જ્યારે ગાંધીજી ભારત પાછા ફર્યા અને તેમણે દેશ સેવામાં જોડાઇ જવાની ઇચ્છા વ્યક્ત કરી તો ગોખલેજીએ તેમને પ્રથમ સલાહ આપી કે પહેલાં સમગ્ર દેશની યાત્રા કરી લો અને એ જાણો કે લોકોની પરિસ્થિતિ શી છે? ગાંધીજી તૈયાર થઇ ગયા. યાત્રાએ નિકળ્યા અને દેશના પછાતપણાના દૃશ્યો જોઇને મનમાં એક દુ:ખ લઇ પાછા ફર્યા. કેટલીક સ્ત્રીઓને અડધી ધોતી પહેરીને નહાતી અને બીજો છેડો સુકાવીને પહેરતી જોઇ ત્યારે તેમનું ગરીબી ઉપર હૃદય દ્રવી ઊઠ્યું અને તે દિવસથી તેમણે અડધી ધોતી પહેરવાનું અને ઓઢવાનું વ્રત લીધું.

આંનંદના વાતાવરણમાં રહેનાર અને ચેનથી જિંદગી વિતાવવાવાળાઓને એ

ખબર નથી કે દેસવાસીઓ કેવી પરિસ્થિતિમાં જીવી રહ્યા છે અને પાડોશીઓ પ્રત્યેની જવાબદારી નિભાવવાનોશો અર્થ છે ? આ જાણકારી દેશાટનથી જ પ્રત્યક્ષ અનુભવમાં આવે છે.

પ્રાચીનકાળમાં તે પ્રક્રિયાની સાથે ધાર્મિક્તા પણ જોડી દેવામાં આવતી હતી. જે સંઘ પ્રવાસે નીકળતાં તેઓ રસ્તામાં નારા લગાવતા, ગીત ગાતા અને દિવાલો ઉપર આદર્શ વાક્યો લખતા જતા હતા, જ્યાં રહેવાનું થતું ત્યાં પહેલેથી સમાચાર મોકલી દેવાતા કે જેથી સ્થાનિક લોકો ભેગા થાય, તીર્થયાત્રીઓમાંથી જે વક્તા, ગાયક, ધર્મસેવકો હોય તેમના પ્રવચન સાંભળી તેઓ પોતાની જીવનશૈલીમાં જરૂરી પરિવર્તન અને સુધારા કરી શકે.

તીર્થયાત્રાઓ વાહનો દ્વારા થતી ન હતી. તે માટે પગપાળા જ ચાલવું પડતું. અત્યારેપણ વ્રજની ચૌરાસી ગાઉની પરિક્રમા, પ્રયાગની પાંચ ગાઉની પરિક્રમા, નર્મદાની પરિક્રમા વગેરે માટે પગપાળા જ નીકળે છે. જેથી યાત્રિકોની અનુભવ પ્રાપ્તિ, પરસ્પરનો પરિચય તેમજ સ્વાસ્થ્ય સંવર્ધનની ત્રિવિધ પ્રક્રિયાથી લાભાન્વિત થઇ શકે. હવે પગપાળા ચાલવા અને ખભે જરૂરી સામાન લાદીને ચાલવાનો વ્યવહાર રહ્યો નથી તો સાયકલનો ઉપયોગ કરી શકાય છે. તે પણ પગની શક્તિ દ્વારા જ ચાલે છે, પણ સમયનો બચાવ થાય છે, જન સંપર્ક પણ શક્ય બને છે.

અત્યારના દિવસોમાં લોકો રેલવે અને મોટરો મારફત તીર્થસ્થાન પર જઇને પવિત્ર જળમાં સ્નાન કરીને ઝડપથી પરત આવી જાય છે મોટા મંદિર જોવાનું વિશેષ આકર્ષણ રહે છે કે જે લગભગ મોટા મોટા શહેરોમાં જ બન્યા હોય છે, જ્યારે અસલ ભારત ગામડાઓમાં વસેલું છે. ત્યાંની સમસ્યાઓ દેશની સમસ્યાઓ છે. ત્યાંની પ્રગતિથી દેશના પ્રગતિશીલ હોવાની આશા કરી શકાય છે. એટલા માટે તીર્થયાત્રાઓ પગપાળા જ કરવામાં આવતી. ફાજલ સમય ઓછો હોવાને કારણે તીર્થયાત્રા પોતાની આસપાસના જ સ્થળોની કરી લેતા હતા. તે માર્ગમાં આવતા નાના-મોટા દેવાલયો, નદી, સરોવર, જૂના વૃક્ષો, બગીચાઓના દર્શન કરી પોતાની ધર્મ જિજ્ઞાસા પૂરી કરતા હતા.

જેમની પાસે વધારે સમય રહેતો તેઓ પ્રસિદ્ધ તીર્થોમાં ચાલતા રહેતા ધર્મ સમ્મેલનોમાં યોજના બદ્ધ પ્રશિક્ષણ મેળવતા અને સાથોસાથ ત્યાંના સાધના ક્રમને પણ પૂર્ણ કરી લેતા હતા. નાના-મોટા દેવાલયો હમેશા લગભગ બધાં ગામમાં જણાતા. ત્યાંની જગ્યામાં તીર્થયાત્રીઓના કેટલાક સંઘો આવે તો ત્યાં સુખથી નિવાસ કરી શકતા. સ્થાનિક લોકો તેમની પાસે જઇને પોતાની જિજ્ઞાસાનું લોકો નિરાકરણ કરી લેતા.શ્રદ્ધાવાન લોકો દેવાલયોમાં દાન-દક્ષિણા તેમજ અન્ન પહોંચાડતા રહેતા. તેનાથી સ્થાનિક કાર્યકર્તા અને પુજારીનો નિર્વાહ તો થઇ જતો હતો. તીર્થયાત્રીઓને પણ

ખાવાની કાચી સામગ્રી મળી જતી. આ આધાર ઉપર નાના-મોટા બધા ક્ષેત્રને તીર્થયાત્રીઓ દ્વારા આપવામાં આવતી પ્રેરણાઓનો લાભ મળતો રહેતો.

મોટા મંદિરો લગભગ મોટા શહેરોમાં જ બનેલા હોય છે. ત્યાં રેલવે અને મોટરો દ્વારા દોડી જવાથી ભિર્દી કરવાથી ધક્કા ખાવાથી ધર્મલાભ કેવી રીતે મળી શકે છે એ વાત સમજ બહારની છે. જે યાત્રાની સાથે ધર્મ-પ્રચાર સંકળાયેલ ન હોય તો તેના દ્વારા કોને, કેવી રીતે ધર્મ લાભ મળશે? જ્યાં ક્રમબદ્ધ સાધનાઓ, શિક્ષણ, સત્સંગની વ્યવસ્થા ન હોય, તે દેવાલય ક્ષેત્રોમાં શું કોઈને કંઇ લાભ મળશે ?

ગંગાજળ કાવડ ખભા ઉપર રાખીને પોતાના નજીકના શિવાલય ઉપર ચઢાવવાનો અને રસ્તાને પગપાળા પસાર કરીને રસ્તામાં પ્રેરક ભજન ગાતા ચાલવાનો રિવાજ હજુ પણ ઘણી જગ્યાએ છે. તેના આધારે પ્રાચીન પરંપરાની પાછળ રહેલા ઉદ્દેશ્યોનું સ્મરણ તો આવે જ છે. આ ક્રમ પ્રતિમાઓના દર્શન કરવાનો, સ્નાનાદિ કરવાનો અને પાત્ર-કુપાત્રો પાસે ખિસ્સા કપાવતા ફરવાની જગ્યાએ વધારે ઉદ્દેશ્યપૂર્ણ છે.

શાંતિકુંજને તીર્થ કેન્દ્ર માનીને વિવિધ શાખા કેન્દ્રોમાંથી સાયકલો પર ટોળીઓ ફરતી રહે છે. રસ્તાની દિવાલો ઉપર આદર્શ વાક્યો લખીને હળીમળીને ગીત ગાઇને, લાઉડ સ્પીકરો દ્વારા પ્રચાર કરીને વિરામ સ્થળો ઉપર સત્સંગ કરીને, ત્યાં પહોંચતી રહે છે. જેમનાથી દૂરની યાત્રા થઇ શકતી નથી તેઓ પોતાના નજીકના સ્થળો પર લગભગ એક સપ્તાહનો કાર્યક્રમ બનાવે છે અને તે મર્યાદામાં નવયુગને અનુરૂપ નવજીવનનો પ્રચાર અને પ્રસાર કરે છે.

અચળ તીર્થ તે છે જે ઈંટ, ચૂનો, સિમેન્ટ, જેવા જડ પદાર્થોથી બનેલા હોય છે અને પોતાની જગ્યાએ સ્થિર રહે છે. લોકોને તેના દર્શન માટે જવું પડે છે. તેમનું મહત્ત્વ અને ગૌરવ તો છે, પણ જે જીવંત હોય અને ચાલતા ફરતા રહીને પ્રાણ-ચેતના ફૂંકવા માટે શેરીઓમાં ઘેર-ઘેર વગર બોલાવ્યે જઇ પહોંચે તેના જેટલું નથી ગણાતું. કોઇ જમાનામાં સાધું, બ્રાહ્મણ, વાનપ્રસ્થ, પરિવ્રાજક આ પ્રયોજનને લઇને નિરંતર ફરતા રહેતા હતા અને લોક-જીવનમાં આદર્શોની સ્થાપનાનાં શંખ વગાડતા. હવે લાગે છે કે તેનો પ્રચાર ઘટી ગયો છે. જડતાએ હવે અહંકાર અને આળસ-પ્રમાદ સ્વરૂપે એવી રીતિ-નીતિ અપનાવી છે કે જેમાં ઘેર બેઠાં જ મોટા પ્રમાણમાં સામાન, સગવડ અને સાધન મળતા રહે. લાગે છે કે અચળ દેવાલયની સરખામણી એ જે ચાલતા દેવાલયો છે જેનો પુણ્યપ્રતાપ અસંખ્ય ગણો માનવામાં આવે છે તેનો કળીયુગના પ્રભાવને લીધે વિશ્વાસ ઉઠી ગયો છે.

તેને ફરીથી જીવંત અને જાગૃત કરવાની જરૂરી છે, એમ ન કરતાં જ્યાં લાંબુ અંતર પાર કરવા અને પૈસા ખર્ચવાની અસમર્થતા નથી-તેઓ તીર્થોની-ધર્મધારણાથી

વંચિત જ રહી જશે.

આગળના લેખોમાં કહી દેવામાં આવ્યું છે કે વક્તાઓનો અને ગાયકોના સ્તરના પરિજનોનો અભાવ જોતાં સમયની માંગ પૂરી કરવા માટે શાંતિકુંજના કેટલાક નવા ઉપકરણો અત્યારના સમયે બનાવાયા છે, જે ઉપરોક્ત જરૂરિયાતોની પૂર્તિ કરી શકે. તેની મદદથી કોઇ પણ ભણેલો કે અભણ પોતાને સ્વયંને ચાલતું તીર્થ બનાવી શકે છે અને બજારોમાં, ગલીઓમાં ,બગીચા અને સડકોની ભીડવાળા વિસ્તારમાં અલખ જગાવતા રહેવાનું નિરંતર કામ કરી શકે છે. સાધુ-બ્રાહ્મણોનો લગભગ અભાવ જણાતી આજની પરિસ્થિતિમાં નૈષ્ઠિક સાધકો દ્વારા, આયંત્રોની મદદથી પણ ચાલતી-સાર્થક તીર્થ યાત્રાઓની જરૂરિયાત પૂરી કરી શકાય છે.

## ૮. આગામી દસ વર્ષ- ઘણા મહત્ત્વપૂર્ણ

પ્રાચીનકાળમાં સતયુગનું વાતાવરણ આપમેળે જ સર્જાતું ન હતુ. તે માટે ઋષી સમુદાય મહામાનવ બનવાની વિદ્યા વિતરણની જવાબદારીને સંપૂર્ણ તત્પરતા અને ઈમાનદારીથી સંભાળતા હતા. આશ્રમો, તીર્થો, જંગલો, ગુરુકૂળો, મંદિરો જેવી જગ્યાઓ પર કથા-સત્સંગો, તીર્થ યાત્રાઓ ધ્વારા ઘેર-ઘેર અલખ જગાવવો વગેરે માધ્યમોથી લોકોને શ્રેષ્ઠ માનવીય મૂલ્યોથી સજ્જ કરવામાં આવતા હતા. અધ્યાત્મ વિદ્યાનો નિરંતર પ્રવાહ દરેક વિસ્તારમાં વહેતો રહેતો હતો, જેને કારણે દરેક વ્યક્તિ આદર્શોને અપનાવવા તથા તે દિશામાં કંઇક કરી છૂટવા માટે તરસતો હતો.

અંતરાલમાં સદ્ભાવનાઓ લહેરાતી હોયતો કોઇ કારણ નથી કે પ્રાણ-ચેતનામાં ઉલ્લાસપૂર્ણ ઉમંગ ઉભરાય નહીં અને તે આકર્ષણથી પ્રકૃતિની દયા ન મળે, વાતાવરણમાં સુખ-શાંતિના તત્ત્વો ઉછળતા ન જોવા મળે. સતયુગ આ જ પરિસ્થિતિનું નામ હતું.તેનું સર્જન શ્રેષ્ઠતાને વરેલ મનઃસ્થિતિ કરતી હતી.

હવે પછીના દિવસોમાં સતયુગનુ પુનરાગમન થવાના સાધનો સંપૂર્ણ રીતે ઊભા થઇ રહ્યા છે તેમાં પણ પહેલાંની જેવી સૌમ્ય સંપત્તિઓનો યોગ્ય સમાવેશ થઇ રહ્યો છે. તેથી પણ સ્વાભાવિક છે કે તેવું જ લોકમાનસ બને અને તે માટે પૂરોહિત વર્ગનો ગણાતો, લોક માનસના પરિષ્કારમાં લાગેલો દેવ માનવોનો એક શક્તિશાળી અને મોટો વર્ગ, વિધાતાની યોજનાને માથે ચઢાવી આગળ આવે. તે માટે જીવંત લોકમાનસમાં સમુદ્રમંથન જેવું હૃદયમંથન ચાલી રહ્યું છે. વિચાર પરિવર્તન અને દૈવી આહ્વાનને સાંભળવા અને સમજવા તેમજ સ્વીકારવા માટે પ્રવાહ વહી રહ્યો છે. અત્યારના સમયમાં પ્રચંડ ચક્રવાત એટલી બધી ઝડપથી આવી રહ્યો છે જેને જોઇને સમયની પ્રબળતાનું અનુમાન

કોઇ પણ કરી શકે છે. મહાકાળજ્યારે પાસું બદલે છે ત્યારે એવી ઉલટી-પુલટી પરિસ્થિતિ થઇ જાય છે, જેને જોઇને આશ્ચર્યચકિત થઇ જવું પડે. અત્યારના દિવસોમાં આવું જ કંઈક થઇ રહ્યું છે અને થવાનું છે.

સમયચક્રની અંદર એમતો પુનર્જિવન થતું હોય છે, પણ પુનઃજાગૃતિના દશ્યતો આજકાલ જોવા મળે છે.રાત આવતાં જ લોકો સુઇ જાય છે અને વહેલી સવારે નવી સ્ફૂર્તિ લઇ બધા ઉત્સાહપૂર્વક ઊભા થઇ જાય છે. પાનખરમાં ઝાડ ઠૂંઠા બની જાય છે, પણ વસંત આવતાં જ તેને નવી કળીઓ તેમજ નવા ફૂલોથી લદાયેલા જોઇ શકાય છે. ખરાબ સંજોગ જેવો કળીયુગ વિતેલી સદીઓમાં પોતાની વિનાશ લીલા દેખાડતો રહ્યો છે. તેનો અંત તો થવાનો જ હતો અને થઈ પણ રહ્યો છે. સતયુગના પાછા ફરવાની રાહ દસે દિશાઓ ઉત્સુકતાપૂર્વક જોઇ રહી છે.

યુગ સંધિકાળ બાર વર્ષમાં એવા જ તાણાવાણા વણી રહ્યો છે. તેણે પોતાનો માળો શાંતિકૂજમાં બનાવ્યો છે.દૂર દૂર ઉડી શકનાર ગરુડ પક્ષીની માફક તેનું કાર્ય ક્ષેત્ર તો દસે દિશાઓમાં ફેલાશે તે નિશ્ચિત છે. એકથી એક ચઢીયાતા ઈંડા-બચ્ચા પેદા થવાના, વિકસિત થવાના અને અનંત આકાશમાં હારમાળામાં ઉડીને એક સુંદર દશ્ય ઉત્પન્ન કરવાના છે.

વસંત સને ૧૯૯૦થી લઇને ૨૦૦૦સુધીના દસ વર્ષોમાં યુગ ચેતનાને ફેલાવનાર કુશળ કાર્યકર્તાઓનું નિર્માણ કરીને તેઓને કાર્યરત કરશે. પ્રાથમિક નિશ્ચય એ છે કે એક વર્ષમાં એક લાખને શોધવામાં અને તૈયાર કરવામાં આવે. જગ્યાની ઉણપ આ કાર્યમાં મુખ્ય અડચણ રૂપ હતી. રાક્ષસી શક્તિઓ હંમેશથી સત્ કાર્યોમાં મુશ્કેલીઓ ઉત્પન્ન કરવાનું ચૂક્તી નથી. તેનો કોપ અત્યાચારના દિવસોમાં કામ કરતો નજરે પડે છે, છતાં પણ ગતિ રોકાય નહીં એવો ઉપાય શોધી કાઢવામાં આવ્યો છે. પ્રાચીનકાળમાં ઋષીઓની પાઠશાળાઓ વૃક્ષોનીચે, ઘાસની કૂટિઓમાં ચાલતી હતી,તો કોઇ કારણ જણાતું ન હતું, તો અત્યારના દિવસોમાં આ કાર્ય પતરાના શેડોમાં ન ચાલી શકે. મોંઘી જમીન અને ઈમારતી સામાનની દસ ગણી મોંઘવારી જોતાં શાંતિકૂજની વર્તમાન ઈમારતને ત્રણ માળની બનાવી લેવામાં આવી છે. જ્યાં ઉપયોગી જમીન હતી ત્યાં પતરાના શેડ ઊભા કરી દીધા છે અને એવી વ્યવસ્થા બનાવી દેવાઈ છે કે એક જ વર્ષમાં એક લાખ યુગ શિલ્પિઓનું શિક્ષણ આ રીતે જ ચાલ્યા કરશે.

જગ્યા ઓછી અને લક્ષ્ય મોટું હોવાને કારણે શિક્ષણ સત્રોને ટૂંકાવીને પાંચ દિવસના બનાવી દેવાયા છે. ભણવા-ભણાવવા માટે તો લાંબો સમય જોઇએ પણ પ્રાણ પ્રત્યાવર્તન તો થોડા જ વખતમાં થઇ શકે છે. દેવર્ષિ નારદ ક્યાંય અઢી મિનિટથી વધારે રોકાતા ન હતા, પણ એટલામાં જ તે જેની ઉપર હાથ રાખતા તેને પ્રકાશમય કરી દેતા, વિશ્વામિત્રએ

રામ-લક્ષ્મણને થોડાક જ સમયમાં બલા-અતિબલા વિદ્યાઓ શીખવાડી દીધી હતી. આ દૃષ્ટિએ અભિનવ પાંચ દિવસના સત્ર-શૃંખલા પણ કામ ચલાઉ પરિણામ આપી જ શકે છે.

એક વર્ષમાં એક લાખ અર્થાત્-દસ વર્ષમાં દસ લાખની શિક્ષણ યોજના છે. સાથોસાથ જે શિક્ષણ મેળવે તે બધાના ભાગે એ જવાબદારી સોંપાઇ છે કે તે સમયદાનનું કામ નિર્ધારિત ગતિથી ચલાવતા રહે અને પોતાના જેવા નવા દસ, પોતાના ક્ષેત્રમાં લોકસેવક ઉત્પન્ન કરે. આ રીતે દસ વર્ષમાં તે દસ લાખ ન રહીને એક કરોડની મર્યાદા વટાવી જશે. આશા રાખવામાં આવી છે કે નૈષ્ઠિકોનો આ વર્ગ એન્જિન સ્વરૂપે અસંખ્ય ડબ્બાઓ પોતાની સાથે ઘસેડતો લઇ ચાલશે અને તે વિસ્તાર એટલો બધો થશે કે સતયુગના પાછા ફરવાનો આધાર બની શકે. તંબુ એટલા વિસ્તારમાં તણાઇ શકે કે તેની છત્ર-છાયામાં પર્યાપ્ત માત્રામાં નવ સર્જનના સૈનિકો જરૂરી આશ્રય મેળવી શકે.

કહેવાઇ ગયું છે કે યુગ સાધનાની પૂર્ણાહૂતિ હવે સને ૧૯૯૫ અને ૨૦૦૦ ના બે ભાગમાં થશે. આને એક જગ્યાએ ન કરતાં ૨૪૦૦ અંગત જ્ઞાનપીઠો અને ૨૪૦૦૦ અંગત ઇમારત સિવાયના પ્રજ્ઞા કેન્દ્રોમાં કરવામાં આવશે. દરેક કેન્દ્રમાં સો થી લઇને હજાર વેદીવાળા દિપ યજ્ઞો થશે. આ રીતે તેની સંખ્યા પણ એક લાખથી પણ વધારે થઇ જશે. એક લાખ વેદીના ગાયત્રી યજ્ઞ અને એક કરોડ સાધકોની સંખ્યામાં ચાલનારા ૨૪ કરોડ જપનું આ મહાપુરુષાર્થ ભેગુ મળીને એટલું વિશાળ હશે કે અત્યાર સુધીના ધર્મ અનુષ્ઠાનોમાં આને અભૂતપૂર્વ અને સતયુગના પાછા ફરતા પૂણ્ય પર્વના આગમનનો વિશ્વવ્યાપી ઉદ્દ્ઘોષ કહી શકાય. આશા રાખવામાં આવી છે કે આ આયોજનના સંપર્કમાં આવનારની સંખ્યા પણ કરોડો- અબજો સુધી પહોંચશે. તેનું પોતાનું પરિવર્તન અને સંપર્ક ક્ષેત્રમાં ઉત્પન્ન થનાર પરિવર્તન એટલું શક્તિશાળી હશે કે તે એકઠી થયેલ શક્તિની મદદથી નવયુગનો જન્મ સર્વથા સાર્થક થશે અને આપણે બધા એકવીસમી સદીના ગંગા અવતરણના-મત્સાવતારના પ્રત્યક્ષ દર્શન આપણા જ સમયમાં કરી શકવા માટે સમર્થ થઇ શકીશું.

જે પરિજનો આ દુર્લભ સમયનું મહત્ત્વ સમજી રહ્યા છે તેઓ એક પણ ક્ષણ બગાડ્યા વગર પોતાને અગ્રદૂતોની ભૂમિકામાં ફેરવવા માટે તત્પર બની રહ્યા છે. નવસર્જનનો આ યુગ પોતાની ઝોળીમાં અસંખ્ય શક્તિઓ અને અસાધારણ સૌભાગ્ય ભરીને બેઠો છે. સત્ પાત્રોને તે દાન આપવા માટે સમય આતુર થઇ રહ્યો છે. આ અવસરનો લાભ લેવા માટે આગળ વધીને સાહસ દેખાડવાવાળાઓને અભિનંદન છે અને તેનું પ્રશિક્ષણ આપવા માટે શાંતિકુંજ સંપૂર્ણ રીતે તત્પર છે.

મુદ્રક : યુગ નિર્માણ યોજના, મથુરા-૩